# સર, મારે સારી શિક્ષિકા બનવું છે

હમણાં થોડા દિવસ પૂર્વે રાત્રીના નવ વાગ્યાના સમયે હિંચકા પર બેસીને હિંચકા ખાતાં ખાતાં કલ્પનાના ઘોડા પર બેસી વિચારોમાં  વિહાર કરતો હતો. આ અગાઉ આ જગ્યાએ જ લખેલું કે, હિંચકો એટલે એક યુનિવર્સિટી, જ્યાં બેસીને દુનિયાભરના સર્જનાત્મક વિચારો કરતાં કરતાં અનેક નાવીન્યપૂર્ણ નિર્ણયો લઇ શકાય છે. લીધેલા નિર્ણયો અને મળેલ પરિણામનું મૂલ્યાંકન કરી શકાય છે. આ પ્રવૃત્તિ ચાલતી હતી ત્યાં જ મોબાઈલ ફોનની રીંગ વાગી. ફોન ઊઠાવ્યો. હેલો... બોલું ત્યાં જ સામેથી અવાજ આવ્યો કે, સર, હું બી.એડ. સેમ-૩ની આપની તાલીમાંર્થિની બોલું છું. તેણીએ તેનું નામ જણાવ્યું. મેં જવાબ આપ્યો કે, બોલ બેટા. ત્યારબાદ તેને થોડું માર્ગદર્શન જોઈતું હતું. તે વિશે તેણીએ થોડી પૂછપરછ કરી. વાતચીતના અંતે કહ્યું કે, સર. રાત્રીના સમયે ફોન કરવા બદલ સોરી. પણ સર, મારે એક સારી શિક્ષિકા બનવું છે. મને આપના માર્ગદર્શનની જરૂર હતી, માટે ફોન કર્યો હતો. અંતે, વાત પૂર્ણ થઇ. મોબાઈલ ફોનનું લાલ બટન દબાવીને, મોબાઈલ બાજુમાં મૂક્યો. હિંચકા પર દસ મિનિટપૂર્વે આવતાં વિચારો બદલાઈ ગયા. નવા વિચારો હતા પેલી તાલીમાંર્થિની બહેનના એ વાક્ય અંગેના કે, ‘ સર, મારે સારી શિક્ષિકા બનવું છે.’

ત્યારે મનોમન આનદ થયો કે, વાહ, અમે એવા વિદ્યાર્થીઓને તાલીમ આપી રહ્યાં છીએ કે, જેણે ખરેખર સારા શિક્ષક બનવું છે. અથવા તો અમારી તાલીમને કારણે તેઓ એક સારા શિક્ષક બનવાનું વિચારી રહ્યા છે. આવા તાલીમાંર્થીઓથી વર્ગખંડ ભરેલો હોય ત્યારે લેકચર લેવાની કેટલી મજા આવે ? તેમની સાથે કામ કરવાની કે માર્ગદર્શન આપવાની બાબતમાં જ્ઞાન અને સંવેદના બંનેનો મેળાપ થાય. આવી પરિસ્થિતિમાં અધ્યાપક દ્વારા તાલીમાર્થીને પ્રોત્સાહન મળે છે કે તાલીમાર્થી દ્વારા અધ્યાપકને પ્રોત્સાહન મળે છે તે નક્કી થતું નથી. કદાચ બન્ને પક્ષે પ્રોત્સાહન અને સંતોષ મળે છે.

તાલીમાર્થીઓ કોલેજમાં આવે છે ત્યારે ક્યા હેતુથી આવે છે તે ખૂબ જ મહત્વનું છે. પેલી તાલીમાંર્થિની જેવા વિચારો ધરાવતા અને સાચા અર્થમાં તાલીમ લઇ સારા શિક્ષક બનવાનું વિચારતા ઘણા વિદ્યાર્થીઓ હશે જ. પણ સાથે કોલેજમાં આવ્યા વગર, તાલીમ લીધા વગર જ માત્ર ડિગ્રી સર્ટિફિકેટ મેળવી શિક્ષક બનવા માંગતા વિદ્યાર્થીઓની સંખ્યા અનેકાનેક- ખૂબ જ ખૂબ જ વધારે છે. ત્યારે દુઃખ એ વાતનું થાય કે આવી વિચારસરણી ધરાવનારની સંખ્યા મોટા પ્રમાણમાં છે અને આવા વિદ્યાર્થી તાલીમ લીધા વગર જ શિક્ષક બનશે. ત્યારે વર્ગખંડમાં શું કરશે ? જ્ઞાન અને સંવેદના વગર શિક્ષણકાર્ય થશે. આપણી ભાવી પેઢી ક્યાં જશે ?

આ વર્ષે યુનિવર્સિટી દ્વારા પ્રવેશ પ્રક્રિયા ચાલતી હતી. ત્યારે ઘણાં વિદ્યાર્થીઓના ફોન આવેલા કે, સર, મારે બી.એડ. કરવું છે. તમારે ત્યાં એક્ષ્ટર્નલ  બી.એડ. ચાલે છે? દુઃખ સાથે જણાવવું પડે છે કે, બી.એડ. એક્ષ્ટર્નલ ના હોય. અહી દુઃખ એ વાતનું છે કે, કોલેજો, યુનિવર્સિટી અને સરકારના પાપને કારણે

સમાજમાં એક એવી હવા ફેલાઈ છે કે બી.એડ. એક્ષ્ટર્નલ થઇ શકે છે. આ વાત સાચી પણ છે કે, ઘણી સેલ્ફફાયનાન્સ કોલેજો વિદ્યાર્થીને પ્રવેશ આપે છે ત્યારે એમ કહે છે કે, અમારી કોલેજમાં નહિ આવો તો ચાલશે. ફી ભરી દો. પરીક્ષા આપવા આવજો. અમે એક્ષ્ટર્નલ બી.એડ.ની સગવડ આપીએ છીએ. જે વિદ્યાર્થીને માત્ર ડિગ્રીમાં રસ હોય છે તેવા વિદ્યાર્થીઓ વધુ ફી આપીને આવી કોલેજોમાં પ્રવેશ લે પણ છે. આવી ઘટના સામે જયારે કોઈ વિરોધ કરતું હોય ત્યારે કેટલાક વિદ્યાર્થી કહે છે કે, અમે ભલે કોલેજ ના જતા હોઈએ. પણ વાંચીને પરીક્ષા આપીને પાસ થઈને પછી ડિગ્રી મેળવીએ છીએ. તો અમારી પાસે બી.એડ. અંગેનું જ્ઞાન તો છે જ ને ! તો પછી વાંધો કઈ બબતનો હોય છે ? ત્યારે આવા વિદ્યાર્થીઓ કે આવા વિચારો ધરવતા સેલ્ફફાયનાન્સ કોલેજોના સંચાલકોને કહેવાનું મન થાય કે, વાંચીને બી.એડ.ની પરીક્ષા પાસ કરવાથી જ્ઞાન અને ડિગ્રી મળે, પણ શિક્ષક બનવા માટેના જરૂરી કૌશલ્યો પ્રાપ્ત ના થાય. કેટલાક કામ કે જવાબદારી એવી હોય છે કે જેમાં માત્ર  જ્ઞાન ના જ ચાલે, કૌશલ્યો હસ્તગત કરવા પડે. આ કૌશલ્યો કોઈના કહેવાથી કે શીખવવાથી ના આવે. તે માટે તાલીમ લેવી પડે, વારંવાર પ્રેકટીસ કરવી પડે. પછી જ તમે જે તે કાર્ય માટે કેટલીક ક્ષમતા પ્રાપ્ત કરી શકો. આ બાબતને ઉદાહરણ દ્વારા સમજીએ. ધારો કે, કોઈને પાણીમાં તરતાં આવડતું નથી. તે તરવા માટેનું જ્ઞાન કોઈની પાસેથી મેળવે છે. જ્ઞાન આપનાર જણાવે છે કે, તરવા માટે પાણીમાં કૂદકો મારવાનો. ત્યારબાદ હાથ-પગ હલાવવાના. તમે હાથ-પગ હલાવશો એટલે તરી શકશો. આ જ્ઞાન સાથે કોઈ વ્યક્તિ પાણીમાં કૂદકો મારે તો શું થાય? તમને કાર ચલાવતા નથી આવડતી. તમને અન્ય વ્યક્તિ જ્ઞાન આપે કે, કાર ચલાવવા માટે કારનું એન્જિન ચાલુ કરી, ક્લચ દબાવીને, કારને ગીયરમાં નાંખી, ધીમે ધીમે ક્લચ છોડવાની અને એકસીલેટર આપવાનું. ગતિ વધઘટ થાય ત્યારે ગીયર બદલતા રહેવાનું. પાછળથી આવતા વાહનો જોવા સાઈડલેન્સનો ઉપયોગ કરવાનો. કારને ધીમી પાડવા બ્રેક મારવાની. વગેરે વગેરે. આટલું કહ્યા પછી તમને કાર ચલાવવાનું કહેવામાં આવે તો ??? આમ કેટલાક કામમાં માત્ર જ્ઞાન ના ચાલે, કૌશલ્યો જોઈએ જોઈએ અને જોઈએ જ. ત્યારે શિક્ષકને વર્ગખંડમાં શૈક્ષણિક કાર્ય કરવા માટે પણ એકલું જ્ઞાન ના ચાલે, તે માટે એક નહિ પણ અનેક પ્રકારના કૌશલ્યો જોઈએ જ.

શિક્ષક બનવા વિવિધ પ્રકારના કૌશલ્યો જોઈએ જ. ત્યારે દુ:ખ સાથે કબૂલ કરવું પડે છે કે, આજે આપણા ગુજરાત રાજ્યમાં માત્ર ૧૦-૧૫ ટકા કોલેજોમાં જ તાલીમી કાર્ય ચાલે છે. ગુજરાતમાંથી દર વર્ષે આશરે ૧૮૦૦૦ જેટલા બી.એડ.ની ડિગ્રી સાથે શિક્ષકો બહાર પડે છે. જેમાંથી વધુમાં વધુ આશરે ૩૦૦૦ જેટલા એ જ તાલીમ લીધી હશે. બાકી ૧૫૦૦૦ માત્ર સર્ટિફિકેટ વાળા જ છે. મોટાભાગની કોલેજોમાં પૂરતો સ્ટાફ નથી અને મોટાભાગના વિદ્યાર્થીઓને કોલેજ ગયા વગર – તાલીમ લીધા વગર શિક્ષક બનવું છે. આમ બન્ને પક્ષ પોતાનો ફાયદો જૂએ છે. વિદ્યાર્થીને કોલેજ જવું નથી, જેથી સંચાલકો સ્ટાફ રાખતા નથી, પગાર બચે, સંચાલકને આર્થિક ફાયદો થાય.

આગળ એક તાલીમાંર્થિની બહેનની વાત કરી. તેનું વાક્ય યાદ કરો. 'સર, મારે સારી શિક્ષિકા બનવું છે.' અહી એક વાતની નોધ લઈએ કે, તેણીને માત્ર શિક્ષક નથી બનવું. 'સારા' શિક્ષક બનવું છે. આમ તેણી એક વાક્યમાં આપણને ખૂબ જ શીખવાડી જાય છે કે, શિક્ષક બનવું અને સારા શિક્ષક બનવું વચ્ચે ખૂબ જ ફરક છે. સમાજને, વિદ્યાર્થીને, શાળાને શિક્ષકની જરૂર નથી. સારા શિક્ષકની જરૂર છે. શિક્ષક તો કોલેજ ગયા વગર, તાલીમ લીધા વગર બની શકાય છે. તેની સગવડ કે છૂટ આપણી યુનિવર્સિટી અને સરકારે દલાતરવાડીની જેમ પ્રેમથી આપી દીધી છે. આજે તો યુનિવર્સિટી અને સરકારે એક જાહેરાત આપવાની જરૂર છે કે, 'મેળવવી છે વગર તાલીમે શિક્ષકની નોકરી ?' તો આવો અમારા ગુજરાતમાં. કોલેજ નહિ જવાનું, તાલીમ નહિ લેવાની, સ્કોલરશીપ સરકાર આપશે, તમે માત્ર પરીક્ષા આપો. પાસ થવાની ગેરંટી. પછી મેળવો શિક્ષકની નોકરી. તમે ગુણવત્તાની ચિંતા ના કરો. અમે ગુણવત્તાના બણગાં ફૂંક્શું અને સમાજને ઉલ્લું બનાવતા રહીશું. શિક્ષણની ચિંતા તમારે કે અમારે કોઈએ કરવાની જરૂર નથી. આવતી પેઢીનું જે થવાનું હોય તે થશે. તમે માત્ર કોલેજમાં ફી ભરો, પરીક્ષા આપો અને લઇ જાવ શિક્ષકની ડિગ્રી. ગભરાશો નહિ, અમને ભય કે શરમ નથી, તો તમે શા માટે ભય કે શરમ રાખો છો. આવો ભાઈ આવો. મેળવો શિક્ષકની ડિગ્રી, કોલેજ ગયા વગર.